


[illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

ઇસ્વર સ્તુતિ ગિતિ

જય જય જય જગ કરતા, સહાય થજે તું સુવાણી ઉચરવા;
ખીંગળ પાઠ નજાણું, રચું નકામો ઠાઠ આ કરવા.

પ્રકરણ ૧ લું

ભાષણના આરંભે સ્વજ્ઞાતિજનોને નમ્રતા પૂર્વક વિનંતિ

અહો સુભાગી ટોળક દ્વિજ જનો, આજે હું તમારી આગળ એક અલ્પ સુભાષણ કરવાને ઉભો થયોછું. પણ મારી અલ્પ મતિ અને આવા કામમાં ઊંડાં ઉતરવાની પુરતી વખતની જોગવાઇ નહિ, એ બંને ખામી ઓને લીધે કદાચ હું કાંઇ ભુલ કરૂં તો તમો સજ્જનો મારી તે ભુલ સામું નહિ જોતાં કંઇ ગુણ હોય તે ગૃહણ કરવામાં દીલ લગાડશો.

હે! પ્રિય સ્વજ્ઞાતિ જનો હું આજે જે વિષય ઉપર બોલવા માગુછું, તે વિષય તો એજ છે કે, આપણી જ્ઞાતિભાઓની પડતી સ્થિતિ આવવાનાં શાંશાં કારણોછે; તેમાંથી કેટલાંક હાલ આ મંડળીને દર્શાવવાં કે જેથી કરીને આગળ ઉપર આમંડળીના કેટલાક સભાસદોને એવા વિષયો ઉપર નિબંધો રચી લાવવાને જેમ અનુકૂળ પડતું જાય તેમ વિચારમાં લેવાને ઠીક પડે. મારૂં આ બોલવું કેટલાક સભા સદોને જરા વિવેકથી ઉલટું તો લાગશે, કેમકે દરેક નવો સભાસદ જયારથી મંડળીમાં દાખલ થાયછે ત્યારથીજ આ મંડળીનો હેતુ શો છે તે શારી પેઠે સમજેછે. એટલે કયા કયા વિષયો ઉપર નિબંધો રચવાથી સ્વજ્ઞાતિ જનોને સાંભળવાથી લાભછે, તે દરેક સભાસદ પોતાની મેળેજ સમજે છે તોપણ જ્ઞાતિભાઓની પડતી સ્થિતિ આવવાનાં કેટલાંક મુખ્ય મુખ્ય કારણો ટીકા સહિત હું આ જગાએ કહી સંભળાવું છું તે વિશે લક્ષ આપશો.

દોહરા

ઉંચા ટોળક ઉંધથી, સુણવા પડતી પ્રકાર;
ઉપાય શોધો એહનો, ગંભીરા થૈ પાર. ૧
પડતીનાં કારણ ઘણાં, પણ એમાંથી બાર;
મુખ્ય મુખ્ય હું વર્ણવું, અનુ ક્રમે આ વાર.

પ્રકરણ ૨

કુદી કાળની સ્થિતિને અનુસરી તન
નર

પ્રિય સ્વજ્ઞાતિ બંધુઓ
૧ બુદ્ધિમાન

બાળકોને ટળવળતાં મુકી ચોમસાના દિવસોમાં ઘણે દૂર દૂર સુધી મૂર્ખ એ સારથી પૂજન કરવા, કથા કહેવા કે ભામઠી નિશાળો ભણાવવા જવુ પડેછે વખત ગુમાવીને ઘેર આવ્યાપછી પણ પોતાને અને પોતાની બૈરી છોકરાંને વસ્ત્ર મળતાં નથી તો સારાં સારાં આભુષણકે રહેવાને સુંદર ઘરકે બેસવાને વાહન ક્યાંથીજ મળે! આ અડચણ વખતને અનુકૂળ સુવિદ્યા શિખેલાઓને પડતી નથી તેમ નાસ નાકરી કરવાને પણ ઝાઝી દરકાર રહેતીનથી. માટે હે પ્રિય બંધુંજનો તમો અને તમારાં બાળકોને સુવિદ્યા તથા સુહુનર શિખવો કે જેથી કરી તેઓ તમારા જેવી સ્થિતિ કરતાં વધારે સારી સ્થિતિમાં આવે.

દોહરા.

ટોળક દ્વિજ સૌપ્રિતપથી, કરવા વિદ્યા ભ્યાસ;
રટણ રાત્ય દિવસકરો, પ્રભુપૂરશે આશ. ૩

प्रकरण ३ जुं.

વિદ્યા, કળા તથા પૈસે અને આબરૂએ એક બીજાંથી ચઢી
આતા થવાનું નઈચ્છતાં એક બીજાને તોડી પાડવાની ખોટી ઈચ્છા.

હાલના ઘણા ખરા ટોળક દ્વિજ જનો પોતાના જ્ઞાતિભાઓમાંથી કોઈ વિદ્વાન કેધનવાન થયાતો પોતે ઉદ્યોગ કરીને તેનાથી વધારે સરસ થવાની તજવીજ નહી કરતાં તેવા ઓને પોતાના જેવા અવિદ્વાન તથા નિર્ધન થાયતો તેમાં તેઓ ખુશી હોય તેમ લાગેછે. કેમકે મારા જોવામાં એવા ઘણા જ્ઞાતિભાઓ આવેલા છે કે તેઓ આપણી જ્ઞાતિના કોઈ નવીન નિપજેલા ધનવાન કે વિદ્વાનની પુઠ પાછળ તેની નિંદ્યા કરતાજ હોય; અને તેનું સુખ જોઈ પોતે સંતાપવાજ હોય. વળી અધુરામાં પૂરૂ એવા વિદ્વાન કે ધનવાનની બૈરી છોકરાંમાંથી કોઈએ કાંઈ નવીન વસ્ત્ર કે આભુષણ પહેરેલું હોયતો એઓની કુથલી નોતો કોઈ ક્રેડોજ કે ને તેથી જો કોઈ ભલું માણસ હોયતો તે આ ભુષણ કે વસ્ત્ર પહેરવું બંધજ કરીત ...ો છુટકો થાય. આ ઉપરથી આપણી નાતમાં આ એક સાધારણ ચાલ પડીજવા ...ઈ ગમે તેટલો સુખીથાય, તોપણ પોતાની સ્રીને સોને સુડો મઢાવતી ... બધી દુઃખ દાયક વાત છે કે સ્રીઓ તે દરેક ઘરની તેમજ કુટુંબની ...થા સુભુષણ વગર સણગારને બદલે અંગાર જેવી લાગેછે. ...નપોઠનોને એકજ વાડીમાં પાસે પાસે જમવા ...નપોષણો ઘણીસારી દીપી નિકળતી હતીયો ...ે ટોળકિયેણી સુવર્ણો તથા સુઆ ...જમણ પણ ટોળકીયાઓ ...ા હલકામાં

દોહેરો.

સરસ થવા એકેકથી, ટોળક ધરો ઉમંગ;
અહો સુઉદ્યમ હાથમાં, થશો ન આશાભંગ.

प्रकरण ૪ થું.

કુસંપથી એક બીજાના છિદ્રો ખોળી કહાડી નિંદા કરવાની.

કુટેવ.

સદ ગૃહસ્થો કુસંપ તે દરેક ઘરનો, કુટુંબનો ને ન્યાતનો કટ્ટો દુશ્મન છે, એણે ઘણાં મોટા મોટા રાજ્યોના ધાણા વાળયા છે. એનાથી ઘણા કુટુંબોના તેમજ ન્યાતોના નહાના નહાના ભાગો પડી ગયા છે. અને એજ કટ્ટા દુશ્મને આપણા વડુવાઓના વારામાં જે બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય અને સુદ્ર એ ચાર ન્યાતો હતી તેમાંથી આજે હજારો બલકે ગણી નહિ શકાય તેવી તેવી એકમાંથી અનેક નાની નાની ન્યાતો ને વળી ન્યાતોમાંથી તડ પાડી દીધાં છે, ને તેથી કરીને એકટા દુશ્મન કુસંપ ભાઇયે દરેક ઘરમાં, દરેક કુટુંબમાં તથા દરેક ન્યાતમાં પોતાનું ઘર ઘાલી દીધુ છે. તેથી એવા દરેક ગામનાં, કસબના, શહેરના કે દેશના સર્વ કોઇ જનો એક બીજાનુ સુખ નહિ ઇચ્છતાં એક બીજાના છિદ્રો ખોળી કહાડી હલકા પાડી દેવાને, નિંદા કરવાનો એટલે આદણી કરવાનો ધંધો લેઇ બેઠા છે, ને તેથી કરીને એવા આદણી કરનારાઓની સંખ્યામાં પણ ઘણોજ વધારો થઇ ગયો છે. તેથી કરી આપણી સભા જેવું બાંધું દરેક સ્વજ્ઞાતીમાં વિદ્યા તથા નીતિનો ફેલાવો કરવાનું મહાભારત પરમાર્થી કામ માથે લેવાને કોઇપણ માણસની હિંમત ચાલી શકતી નથી. માટે હે પ્રિય સ્વજ્ઞાતિ જનો તમે એમ નહિ ધારતા કે આપણી સ્વજ્ઞાતિમાં જ્ઞાતિલાનું ભલું કરી શકે તેવા પરાક્રમી તથા વિદ્વાન પુરૂષો થયા નથી. થતા નથી, હાલ છે નહિ ને હવે પછી થનાર નથી. એમ [illegible] હાલમાં ધારતા નહીં, કેમકે એવા પરોપકારી સ્વજ્ઞાતી શુભેચ્છક હાલ ઘણા છે [illegible] હેલાં ઘણા થઇ ગયા છે, ને હવે પછી ઘણાંજ થશે, માટે હે સ્વજ્ઞાતી ભ્રાતાજનો હવે જરા જાગૃત થાઓ, હાલનો વખત બદલાઇ ગયો છે, કેમકે દયાળું [illegible] રકારની કૃપાથી હાલમાં ઠેકાણે ઠેકાણે મહા પાઠ શાળાઓ તથા શાળાઓ છે. તેના પ્રતાપથી કેળવણીનો લાભ લેઇ સારા દરજ્જા ઉપર ઘણા [illegible] લા છે ને તેમના દીલમાં જ્ઞાતિભાઓનું ભલું ઇચ્છવાના સંપૂર્ણ વિચા[illegible] કુસંપ હોવાથી એક બીજાના છિદ્રો ખોળી કહાડી નિંદા કરવાન[illegible] તેઓ કંટાળી ગયા છે, તેથી સ્વજ્ઞાતિના ભલા સારૂ એકાદ [illegible] સેતા નથી તેથી આપણા ટોળકાને મોટું નુકસાન છે. [illegible]ને આરામ કરનાર કુસંપ [illegible] માંથી [illegible] આપણા [illegible]

ની ધની પ્રજાને કંઈ લાભ થાય એવા ઉપાય કામે લગાડો.

દોહરો.

ટોળકમાં ટોળી તજો, સજો સુસંપ સદાય;
હાંકો અરી કુસંપ હતો, ઠીક સુધારો થાય.

प्रकरण ५ मुं.

નાત મેળાવડા કરવાના અતિ ઉત્તમ ચાલનો ખોટો ઉપયોગ કરવાની ધિક્કારવા જોગ વર્તણુંક.

સુજ્ઞ જ્ઞાતિભાઈઓ, આપણા બાપ દાદા કંઈ મૂર્ખ ન હોતા કે હજારો રૂપિઆ પૈસાને ખાતના મેળાવડો ભરવાનું નકામું ખરચ કરવાનો ખોટો રીવાજ આપણી ટોળીમાં દાખલ કરે; કેમજે એવા મોટા મેળાવડા કરવાનો જે વૃદ્ધ પ્રથમ ચાલ કહાડ્યો હશે તેણે ઘણાજ ઊંડા ને ગંભીર વિચારથી સ્વજ્ઞાતિ જનોમાંથી વિદ્વાન મહાપુરૂષોનો એક બીજાને સમાગમ થવાથી વિદ્યા વિગરેનો એક બીજાના જૂદા જૂદા અનુભવોના અરસપરસ લાભ આપવા તથા એક બીજામાં પરસ્પર સ્નેહની ગાંઠ મજબુત બેસાડી આખા ટોળાનું ભલું ઇચ્છવાના વિચારો ઘણા માણસો ભેગા મળી કરવાને ઠીક પડે, વિગરે મતલબથી કહાડ્યો હશે. પણ હાલમાં એ અસલના રીવાજની મૂળ મતલબ ઊંચી વાળી દેઈ કેટલાક સ્વાર્થીયા તથા એકલ પેટા સ્વજ્ઞાતી જનોએ મિથ્યા કુળાભિમાનમાં એ મેળાવડાનો સારો ઉપયોગ નહિ કરતાં નાતની કુથલી કરવામાં તથા કન્યા આપલે કરવા વિગરેમાં ખોટો ઉપયોગ કરવા માંડ્યો છે, ને તેથી કરી એ મહા મુલ્યવાન નાત મેળાવડામાં ખરચેલો પૈસો બરબાદ જાય છે, ને તેનો કંઈ પણ સારો લાભ થતો નથી. માટે પ્રિય સ્વજ્ઞાતિ જનો હું તમને એમ કહેવા માગતો નથી કે તમો એ મેળવડા કરવા બંધ કરો, પણ એ મેળાવડામા જે સદ્ગૃહસ્થોને નોતરો તે એકઠા થએથી કંઈ પણ સ્વજ્ઞાતિના લાભમા એ મેળાવડાના વખતનો સઘળો ળ ખરચે તેવા છે કે નહિ તેનો પ્રથમ વિચાર કરી મેળાવડો ભરજો, નહિતો નાતની લી કરનારારા તથા નાતમાં ટંટા ઘાલનારા, તમાકુના ફાકડા મારનારા સેલાણી જીવડા એકઠા કરી ખવડાવવાનો તો ખરચ કરવો તે એક હજાર હાથના પાણી વગરના ાં પૈસા નાંખી દીધા બરાબર વ્યર્થ જવાના તે નક્કી જાણજો. કેમકે જેમ ઉપયોગ કરીએ તો તે આપણને મીઠાં મીઠાં ભોજન જમાડી શકે છે જો તેનો ખોટો ઉપયોગ કરીએ ને તેને કબજામાં નહિ રાખીએ તો તે આપણને બાળી પ્રળય કરી નાખે છે. તેમજ આપણા નાત મેળાવડા રીએ તો તેથી આપણી નાતને સુખી કરવાને જરૂરના બંદોબસ્ત દ્વાન તથા નઠારા માણસોથી ભરીશું તો નાતમાં ટંટા વધતા રહેશે બરબાદ જશે સ્વજ્ઞાતિ ભાઈઓ દેવાદાર થઈ

દોહરા

નિત્ય ન્યાત મેળાવડા, ભરો કહું છું ભાઇ;
નોતરજો વિદ્વાનને, ભળશે સરસ વડાઇ. ૧
વળી એવા વિદ્વાનજન, કરશે મળી વિચાર;
શા ઉપાયે સુધરે, ન્યાત આપણી બાર. ૨
કોઇ રહે કંગાલ નહિ, નોકર રહે ન કોઇ;
વિદ્યા હુન્નર શિખીને, કરે સુ ઉદ્યમ જોઇ. ૩
વળી સ્ત્રીઓને છોકરાં, સંપી કરે વિચાર:
શુભ સ્થિતિમાં લાવવા, ન્યાત આપણી પાર. ૪
તોતો તરતજ નિપજે, ન્યાત બધી વિદ્વાન,
મુરખતો રહે નહિ, પછી બધા ધનવાન. ૫

પ્રકરણ ૬ ઠું.

મિથ્યા કુળાભિમાન.

હે સુકુળીન ટોળક દ્વિજજનો તમે બધા બ્રાહ્મણોમાં સરવ શ્રેષ્ટ અસલથીજ છો. કેમજે તમો મહા વિદ્વાન અને તપસ્વી ઋષિ જનોથી ઉતરી આવેલા છો. કે જે તપસ્વી ઋષિ જનોએ પોતાની વિદ્વતાના સ્વતંત્ર વિચારથી મહાપ્રતાપી મૂળરાજ રાજાનું દાન નહિ લેતાં ટોળું વાળી જુદા થયા. ને દાન જેવી મહા નીચ વસ્તુ તે લીધી નથી. તેથી સ્પષ્ટ જણાઇ આવે છે કે ચોરાસી નાતના બ્રાહ્મણોમાં તમો સર્વથી શ્રેષ્ટ તથા કુળીન છો. એમાં કંઇજ શક નથી. પણ "સાપ ગયાને લીસોટા રહ્યા" એ કહેવત પ્રમાણે તમો હાલમાં છો. કેમજે તમારા વડવાઓતો સુવિદ્વાન તથા સદાચરણી હતા તેથી તેમને ઉત્તમ કુળ પ્રાપ્ત થએલાં હતાં પણ તમારામાંથી હાલતે કેટલાક માત્ર નામેજ કુળવાન રહ્યા છો કેમકે જે લોકો હાલ પોતાને કુળવાન સમજે છે. તેમનો ઘણોખરો ભાગતો સુવિદ્યા તથા સદાચરણ રહિત છે. એટલુંજ નહિ પણ તેમાંના કેટલાક તો છેક અભણ તથા બળદનું પૂછડું આંમળનારા હશે, તોપણ તે પોતાના મિથ્યા કુળાભીમાનને લીધે ફિશાઇમાંથી હાથ બહાર કહાડતા નથી. ને તમાચા મારીને પોતાનાં મોઢાં લાલ રાખેછે. તથા તેમના નસીબે મૂર્ખ તથા અજ્ઞાની લોકોનો કાંઇ નાતમાં તોટો નથી. તેથી એવા મિથ્યા કુળાભીમાનીઓને તેવા મૂર્ખ લોકો વગર વિચાર કરવે માત્ર નામનાજ કુળીન જાણી કન્યાઓ આપેછે. તેથી તેવી કન્યાઓ જ્યારે પોતાના પીયરથી સાસરે જાયછે એવા નામના કુળીનને ઘેર જઇ અન્ન, વસ્ત્ર તથા આભુષણ વગર હેરાન હેરાન [illegible] ત્યારે નીસાસા મુકી હાય અફસોસ કરેછે કે અરેરે હાય કુતે આ [illegible] બળ્યું કે [illegible] ! અમારે ભુખ લાગે ત્યારે [illegible] [illegible] આવી [illegible] કન્યાઓ [illegible]

મમાં વળી પાડવાથી તે ખાઉને જીવતાં સુધી લુગડાં કરવાં પડે તથા વાપરવાને પૈસો દરો આપવો પડે ને વખતે ખિમણું ત્રમણું દાણા પણ પહોંચતા કરવા પડે. તેમાં વળી તે બાપડો અસરવાળ હોયતો તેના દુઃખનો કાંઈ પાર છે? એવા નઠારા કુળાભીમાનીઓના બૈરાં છોકરાં ભુખે મરે તોપણ તે કાંઈપણ તરેહનો ઉદર નીર્વાહના ધંધો નહીં કરતા ન્યાતની પટલાઈ કરવામાં રાત દીવસ મંડયો રહે. ને પોતે દુઃખ પામી પાછળનાને દુઃખી કરી સ્ત્રી બાળકોના અન્ન વસ્ત્ર વગરના હાય અફસોસના અવાજ આ કાનેથી સાંભળી આ કાને કહાડી નાખે. ને જ્યાં ત્યાં નાતની ગોઠણીઓના કામમાં રાત દીવસ રઝળતો ફરે. તેનાં છોકરાં મુર્ખ રહે ને તે હેરાન થાય, ઘરની સ્ત્રીના તિરસ્કાર મામળો વિગેરે ઘણી પ્રકારનાં દુઃખો સહન કરેછે. આહા! જોઈલો મીથ્યા કુળાભીમાનીના ફળ "શત્રુને પણ ગમતી નથી" નાતમાં કાંઈ લાણું કે નોતરૂં કરવા જાય ત્યાં પોતે કેટલાક જાતનું આ પ્રમાણિક પણું ચલાવે તેથી તવાજનો ન્યાતઆથી પણ ઘણાને આણ ગમતા થાય એટલુંજ નહિ પણ આવા નિરા કુળાભિમાનીઓને મરતી વખતે રાંધડી પોતાને પાસે પૈસો પણ હોતા નથી. તો ઓસાડ કરવાને ક્યાંથીજ હોય! તેથી કરી તેઉ વગરના રોગના આકરા ખોરાક પાણી વગર ઘણા ઘણા ટગવળતા મરી જાયછે. આહા જુવો સર્વ શક્તિમાન ઈશ્વર તરફથી મિથ્યા કુળાભિમાનીને સજા ???

દોહરા.

કુળીન સમજવો કોણને, અકુળીન કોણ કહેવાય
જુવો વિચારી જુક્તિથી, સફળ મનોરથ થાય. ૧
સદ વિદ્યા સુભ નિતનો, હોય નિકટ ભંડાર;
ઘરનાં વિવેકી જનસઉ, કુળીન ખરો તે ધાર. ૨
સંતોષી શિળ શીલ દયા, સેવે દિન નિશ ઈશ;
એમ આદિ લક્ષણ ઘણાં, કુળીન તણાં દશ વિશ. ૩
ભણ્યું ભનેર અભાગિયો રોજકરે કંકાસ;
શીળ દયા સમજે નહિં, એજ નિચનો દાસ. ૪
મોટાઈમાં સમજે નહિ, નાત તણી નિરધાર;
તોપણ મમત મુકે નહીં, એજ મુર્ખ સરદાર- ૫
એ આદી લક્ષણ ઘણાં, મીથ્યા કુળ અભીમાન;
સર્વ ગણીને આપતાં, ગ્રંથ બને નીદાન. ૬
માટે સંક્ષેપે કહ્યાં, ખરાં હતાં નીરધાર;
... કાંઈ, દીલમાં કરી વીચાર. ૭
... કરૂ સર્વે.

૭

પ્રકરણ ૭ મું.

ન્યાતે ભોજનમાં શક્તિ કરતાં વધારે ખરચ કરી દેવાદાર થવાનો ડર નહીં રાખવાની મૂરખાઈ.

પ્રિય સ્વજ્ઞાતિ જનો, ન્યાતી ભોજન કરવાનો જે ઉદ્દેશે પહેલ કાહાડી હશે તેનો મતલબ બીજો કાંઈજ નહીં પણ પોતે એકલ પેટા નહીં થતાં પોતાને મેળેલી ઈશ્વર કૃપાનો લાભ સ્વજ્ઞાતિ જનોને ભોજન જેવી જીંદગાનીની જરૂરીઆત વસ્તુથી પુરો પાડવો એજ હશે. એમ જણાય છે એટલુંજ નહીં પણ સગાં સબંધીઓનું કુટુંબ સહવર્તમાન એક બીજાનું મળવુ થાવાથી પરસપર સ્નેહ ભાવના વધારો થઈ. આ જંજાળી દુનિયાના હરરોજના લાગેલી ખટપટોથી જીવને થોડીક વાર સુધી પ્રિય-જનોની સાથે રહી આનંદ આપવો એ છે, વળી આ સમુદાય એકઠો મળવાથી સ્વજ્ઞાતિમાં ઘણી કૃપાવાળા કેટલા માણસો છે તેમજ તેમની રીત ભાત તથા વસ્ત્ર આભુષણો વગેરે ખબર આવે છે. તેમજ જે માણસો ઇશ્વર કૃપા રહિત છે તે લોકોને ઉપર કહેલા ઇશ્વર કૃપા વાળા માણસોનાં સુખ જોઇ પોતે આળસ મુકી તેવા થવાનું મન કરતાં શીખે છે. આ આ આદિ ન્યાતિ ભોજન કરવાથી બીજા અનેક લાભ છે. પરંતુ તેવાં ન્યાત ભોજન ફક્ત જે માણસોને ઇશ્વરે શક્તિ આપી હોય તેમણેજ કરવા જોઈએ, ... જે માણસ અશક્ત છે તેમણે નકરવા જોઈએ. આ ન્યાત ભોજનના પહેલ કરનાર મૂળ પુરૂષના મતલબ છે તે હાલના લોકો નહિ સમજતાં વગર વિચાર કરવે માથે કરજ થવાનો ડર નહિ રાખતા ફુલાની માફક પાડોશ કરીને વાદેવાદ જમાવી દે છે, તેથી "લાંબાની વાહે ટુંકો જાય મરે નહિ પણ માંદો થાય" એ કહેવત પ્રમાણે કરજનો માર થાય નહિ પણ તેનું વ્યાજ ભરી ભરીને તેના સાત પેઢી સુધી છોકરાંનાં છોકરાં મરી જાય છે, પછી આવા અવિચારના ખરચ કરનાર પુરૂષનાં છોકરાંને કાંઈ મોટો હુન્નર કે વિદ્યા શિક્ષા વગર જલદી જલદી આ કરજનો બોજો નહિ સહન થવાથી કંઇ પણ ઊંચું નીચું કામ નહિ જોતાં ધંધે લાગી જવું પડે છે. તેથી એક પછી એક પેઢી દર પેઢી ખાનદાની ઓછી થતી જઈ આખરે તે કુટુંબ ઘણુંજ કંગાલ હાલતમાં આવતું જાય છે. તે ન્યાતિમાંના સઘળા માણસો સારી પેઠે જાણતાં છતાં તેવા ખરચ કરાવનારાઓને શિખામણ નહિ દેતાં ઉલટાં જેને ખાવાનો ન્યાતિભોજ નહિ કરતો હોય તેને વરૂ જેવા મોઢાં માગીને જબર જસ્તીથીજ રાખે છે. એટલું નહિ પણ જમતી વખતે તે બીચારાનાં મોટાં મોટાં વખાણ કરી તેને ફુલાવે છે. કે વાહ વ્યાસજી નગીનો ફલાણાના દીકરા કહેવાઓ તમારા ઘરમાંનો થતું આવ્યું છે જેમ કરો શી નવાઈ. આવું ભોજન તો ન્યાતિમાં આજદીન સુધી કોઈએ કીધું નથી ...

જો કોઈ ભાગો ડાપતો તેજ દીવસે ભોજન આપવાના

છમાસી વિગરે બીજું હરેક બાનું કહાડી ...

ભારી શક્તિ ...

જાય. તેમાંથી ઠીક ભાગી પડશે. આહા! આવા ભોળાઓને ભમાવી જગ સુધી કર- જતા ઊંડા ખાડામાં ધકેલી પાડનારને ઈશ્વરને તહીં કેટલો જવાબ દેવો પડશે. તેનો વિ- ચાર કરી દશા નાગર તથા શ્રાવક વાણીઆની નાતની માફક એવો ચાલ પાડવો કે જ્યારે તેને મળે ત્યારે ન્યાત જમાડે. કોઈની પાસે પરાણે કરાવવું નહિ, તો ન્યાતનાં મા- ણસો કેટલાં બધાં સારી સ્થિતિમાં આવે ઉપર લખેલા શ્રાવક તથા દશાનાગર વાણી- આમાંથી કેટલાક પોહોંચેલા હોયછે તેનો ન્યાતિ ભોજન ખરચવા ધારેલી રકમનો દશમો હિસ્સો તે દિવસથી ન્યાતિ ભોજ આપવાનો વિચાર મુકરર થાયછે ત્યારથીજ વ્યાજે મુકે છે. તે રકમનું વ્યાજનું વ્યાજ ચઢતાં ચઢતાં વધીને આખરે ખરચવા જેટલી રકમ ક- રેલા અસલ રકમ ખમતા રહે તેટલું થાય ત્યારેજ ન્યાતી ભોજન કરે છે. જુઓ આ કેવી સારી જુક્તિ છે, એ જુક્તથી ન્યાતિ જનોમાં કેટલી બધી રકમનો બચાવ થઈ ઘણું ઉત્તમ ભોજન કર્યા છતાં પણ ન્યાતી જનો કંગાલીઆત હાલતમાં આવતા અટકી જઈ ધનવાન થાય છે

દોહરા.

આપો ભોજન ન્યાતિને, શક્તિ પ્રમાણે આપ;
એમાં કાંઈ ખોટું નથી, જુઓ પુરાણે છાપ. ૧
(પણ) અશક્ત માણસ પાસથી જમણ દેઈ અદભુત,
ન્યાત કરાવે જોરથી, રીત નહીં એ ઉત્ત. ૨
આવા પાપી પુરૂષને, ઈશ્વર આપે આપ;
(માટે) ભોળાને ભરમાવતાં, ડરો કહુંછું સાચ. ૩

પ્રકરણ ૮ મું.

ન્યાતિજનમાં એકબીજાનો ભરૂસો ઉઠી જવાથી કોઈ પણ મહાન સ્વજા-
તિજન ન્યાતિલાને પાછો રાખી ઊંચે દરજ્જે ચઢાવતા ડરેછે. તેડરૂ
નહિ રાખવો પડે તેવા ગુણોની સ્વન્યાતિલામાં અછત.

આજ કાલ આપણા લોકમાંથી ઊંચે દરજ્જે ચડેલા મહાન પુરૂષોમાંથી ઘણા ખરાના મનમાં આવો ડર પેસી ગયેલો હોય તેમ જણાયછે. કે જો કોઈ પણ સ્વન્યાતિલાને મોટે દરજ્જે ચઢાવવા આપણા હથતળે રખીશું તો તે આપણુંજ ખાદશે. આ વાત ઘણે ખરે ભાગે સાચી પણ છે એમ લાગેછે. કેમકે ઘણા ખરા આપણા ન્યાતિજનોમાં મહાન જનોની પાછળ નિંદા કરવાનો તથા તમરી મહાતાના ઈતરાજ કરવાનો એક સ્વભાવિક રકેલો હોય છે; પણ હું ધારૂં છું કે એ બુરા ગુણનો ત્યાગ હવે આપણી આ સભામાં ...નોનું પરસ્પર મળવું થવાથી એક બીજાના દીલના ઉભરા ખુલ્લા થઈ દૂર ...ગરખવાનું કંઈ વધારે કારણ નહીં રહેશે. એમાં કાંઈ શક નથી.
... વિનતિ કરૂંછું કે જેમ નાગરો બ્રાહ્મણો, દક્ષિણી- ...ના બીજા લોકોને ...

પ્રમાણે આપણી ન્યાતમાં પણ થવું જોઇએ. હાલમાં મારા સાંભળવામાં એવું આવ્યું કે એક નાગર વાણીઓ, ઇંગ્રેજ સરકારની નોકરીમાંથી કોઇ સડેલા રાજસ્થાનમાં જઇ નોકર રહ્યોછે. ત્યાં તેણે ગયા પછી પોતાના નાતીલાઓમાંથી જે કોઇ યોગ્ય જણાયા તેમને બોલાવી બોલાવીને પોતાના હાથનિચે બન્યા તેટલાને ઠેકાણે પાડી દીધા છે. આમ થવાથી જ્ઞાતિ જનોમાંથી એકલપેટાના નામોસી જતી રહી પરોપકારનું કામ કરવાથી ઇશ્વરની મેહેરબાની પ્રાપ્ત થાયછે. આહા! ધન્ય છે આ નાગર વણીઆને.

દોહરા.

નાગર જ્ઞાતી વણીકનો, જુઓ દાખલા આજ;
એકજ જણે અનેકને, સપાવ્યાં બહુ કાજ; 1
કાજ સુધાર્યાં જ્ઞાતિજન, સુખી કિધા અપાર;
બોલાઇ એ જન સદા, હશે ખરા નીરધાર 2
માટે પ્યારા જ્ઞાતિજન, રાખો તમે સુખ્યાલ;
અરસ પરસ પ્રિતી કરી. કરો સકળને ન્યાલ, 3

પ્રકરણ ૧ મું.

સ્ત્રી તથા બાળકો અને પુરૂષોમાં એક સરખી રીતે એક ક્ષણ વાર પણ નકામા નહીં ગુમાવતા કોઇપણ ઉપયોગી ધંધા પાછળ મંડયાને મંડયા રહેવાની ટેવ પાડવાના ઉપાય.

ભાઇઓ આપણા ટોળામાં વૃદ્ધ, બાળક કે જુવાન એમાંથી કોઇનામાં જરા પણ એક ક્ષણવાર નકામી ન ગુમાવતાં કોઇપણ ઉપયોગી કામ પાછળ મંડયાને મંડયા રહેવાનો ગુણ બીલકુલ જોવામાં આવતો નથી તે પણ આપણા ટોળાને પડતી હાલતમાં આવવાનું એક કારણ જણાયછે. હાલ એ ગુણનો ખરો દાખલો ઇંગ્રેજોમાં જોવામાં આવે છે; ને તેનો ખરો લાભ તે તેમનું પૃથ્વીના ઘણાખરા ભાગપર રાજ ચાલેછે. તેથી ખુલો જણાય છે. આપણા ટોળાક જનોમાં તો ન્યાતમાં કોઇ પરાક્રમી ઉઠેતો તેની પીઠ પાછળ ઓકણી કરવાને મંડયાને મંડયા રહેવાનો અતિ નિચગુણ ઘણા જનોમાં પડી ગયો છે. તેનું ફળ તેવા લોકોને સ્વભાવીકજ મળે છે. એટલે નિરધન તથા વિદ્યા હિન રહેવું તે પ્રત્યક્ષ છે. વળી ન્યાતની કેટલીક મૂર્ખ સ્ત્રીયોમાંતો ન્યાતમાં રોવા કુટવાનું ઓ[illegible] કાઢવાની પાછળ મંડયાને મંડયા રહેવાનો અતિ નાશ કારક ગુણ રહેલો જણાય છે. [illegible] ઓ ન્યાતમાં કોઇ મરી જાયતો તેના શરીરને ઠેકાણે પાડવા તથા તેના કુટંબીઓને [illegible] આપવા પુરૂષો એકઠા થવાની તો ઘણીજ જરૂર છે પણ સ્ત્રીઓ[illegible] જવામાં ધી ઠામવા થા માટે એકઠી થવા દેવી જો[illegible] રહેવા દેઇ ઘરકામ ઘરબારકા [illegible]

જલદીથી આરામ મળે, તથા છોકરાં પણ જલદીથી ખાવાનું મળવેથી પોતપોતાના ભણવા વિગેરે કામપર લાગે. હે પ્રીયજનો જેટલો મોડા રહેવાનો મોટો આપણી જ્ઞાતિ વેવહારમાં રોવા કુટવા જવાનો તથા રાત્રે ન્યાતનાં નોતરાં માનવા જવાનો રાખીએ છીએ તેનો હજારમો ભાગ સારા કામ પાછળ મોડાને મોડા રહેવાનો રાખીએતો કેટલાં બધાં સુખો થઈએ ॥

દોહરો

ઉદર પોષણ કારણે, કરો ઉદ્યમ અપાર;
વરજો જ્ઞાત વ્યવહારનો, ખોટો ખડસ ખુવાર

પ્રકરણ ૮ મું.

નહાન પણાથીજ છોકરાંને જલદી જલદી પરણાવી દઈ ન્યાતમાં મોટી આબરૂ મેળવવાની ઘેલછાઈ.

આ મારા દયાળુ અને સદ્ગુણી સ્વજ્ઞાતિ જનો ઘણીજ નાની ઉમરમાંથી છોકરા અગર છોકરીને જલદી જલદીથી પરણાવી દેવાનો મતલબ દરેક માબાપની ઘણીજ જુદી જુદી તરેહની રહેલી હોયછે. જેવીકે કેટલાક છોકરાના માબાપો પોતાના છોકરાને ઘણીજ નાની ઉમરમાં પરણાવવાને એટલી બધી ફીકર રાખેછે કે તે પછી ન્યાતમાં ગમે તેટલો મોટો કુળીન હોય તો પણ અંદર ખાનેથી તે કામમાં પાર પડવા સારૂ છુપી રીતે છોકરીનાં માબાપોને લાલચ આપવા સારૂ જરૂરીઆત નાણું મેળવવા માટે પોતાનું ઘર વેચે, ખેતર ઘરેણે મુકે, દોકડા બે દોકડાના વ્યાજે કાઢે અગર ગમે તેમ કરીને પણ છોકરીઓનાં માબાપોને ઘરાણાં તથા લુગડાં કે ખાનગી ખરચ વિગેરેમાં મદદ કરવા નાણું આપવા કબુલ થઈ હરેક તદબીરથી પોતાના છોકરાનો વિવાહ કરી જલદી જલદીથી પરણાવી દેવાની તદબીર કરે છે. એવા ઇરાદાથી જે આપણા છોકરાને આપણે ઘણીજ નાની ઉમરથી પરણાવી દઈશું તો ન્યાતના બીજા લોકો એમ સમજશે કે ભાઈ ફલાણાનાં છોકરાંતો ઘોડીયામાંથી ઝડપાય છે. તેવી ધુમ ચાલવાથી આગળ ઉપર બીજી વખતના છોકરામાં એટલી અડચણ નહિ પડતાં ઘણાજ નફા સાથે આવા કામમાં પાર પડીશું. દૈવ યોગે આવા મનસુબામાં સ્વજ્ઞાતિઓમાંથી જે સખસો પાર પડે છે તો તેવા લોકો મનમાં એમ સમજે છેકે, મે મારા છોકરાને સારૂ આ દુનિયામાં જે હામા મોટી ફરજ હતી તે બજાવી ચૂકયો. હવે મારે તેના વિષે કંઈજ કરવાનું બાકી નથી. મારો છોકરો સંસારમાં ઠેકાણે પડી ચૂકયો. હવેતો એના કરમમાં હશે તેવી સુકી બાજરી ગમે તેમકરીકમાઈખાશે. આમ કરી પોતાના મિથ્યાભિમાનમાં આવા જ્ઞાતિઓ પોતાનેપાર પડેલા સમજી જયાંહાં ત્યાંહાં પોતાના છોકરાના અભિ... ને. પણ આવા અવિચારી લોકો સમજતા નથી કે ... બાળકની શીઅવસ્થા થશે, તે વિચાર

બાળકની પસંદગી વગર તેના બાપે જ્યાં ત્યાંથી નાનું મોટું નહિ જોતાં એક ગાંપરૂ વળગાવી દીધું તેથી આવા બાળકને જ્યારે ખરો ભણવાનો વખત આવેછે ત્યારે, આ ગાંપરૂ તે બીચારને વચ્ચે પડી નડેછે. તેની વિદ્યાભ્યાસ કરવાની પ્રિતિ ગમે તેટલી હોયતો પણ તે તેને ભણવામાં લક્ષ ન આપે તેને વાસ્તે ગમે તેવા જુદા જુદા ચાળા ચેટક કરી તેને ભરમાવેછે. તેથી તે ભાઇ સાહેબ ઘણીજ નાની ઉમરમાં સંસાર ભોગવવામાં મસગુલ થઇ વિદ્યાભ્યાસ પડતો મૂકે છે. ને તેને ઘણીજ જલદીથી પ્રજા થવાનો આરંભ થાયછે ને તે પ્રજા એટલી બધી ઝડપથી વૃદ્ધિ પામેછે કે ભાઇ સાહેબ પોતેજ હજીતો ખરચા રૂપજ છે તો તેને બદલે તેમને પોતાનેજ બે ત્રણ ખરચાં થઇ જાયછે. ને વળી તે અતિ રોગી હોયછે એટલુંજ નહિપણ પોતે તથા પોતાની સ્ત્રી એ રીતે બેઉ જણ ઘણીજ કાચી ઉમરે સંસાર ભોગવવામાં પડવાથી ઘણાંજ અશક્ત તથા કમજોર થઇ જાયછે. તેથી કરી આવા કમબખત સખસો પોતાના માબાપોની મૂર્ખાઇને લીધે અવિદ્વાન રહીજઇ સંસારના નહિ ઉચકાઇ શકાય તેટલા બોજા નીચે દબાઇ જઇ પાયમાલ થઇ જાયછે. એટલે તે તથા તેની સ્ત્રી કમજોર તથા નિર્ધન થઇ જાયછે. ને તેથી કરી તેમનાં ખરચાં રોગી થઇ જાય તેમની પણ અવસ્થા પેલી દરપેઢી ઘણીજ માઠી અવસ્થામાં આવી આખરે એવું કુટંબ હતું ન હતું થઇ જાયછે. જુવો ભાઇ આવું મોટું નુકસાન જે લોકો નાનપણમાં ઘણીજ જલદીથી પોતાના છોકરાં પરણાવી દેછે તેના માબાપથી થાયછે. તોપણ તે ચાલ બંધ થઇ જેટલી કાળજી નકામી મોટાઇ મેળવવા પાછળ રાખેછે તેનાથી હજાર ઘણી ઓછી જો તેવા લોકો પોતાના છોકરાને ભણાવવા પાછળ રાખતા હોયતો કેવાં સારાં ફળ પ્રાપ્ત થાય! જ્યાં સુધી ઘેર સ્ત્રી નહિ આવે ત્યાં સુધી નિરાંતે વિદ્યાભ્યાસ કરવાને બની શકશે. એટલુંજ નહિ પણ કાચી ઉમરે સંસાર ભોગવવામાં નહિ પડવાથી શરીરપણ તનદુરસ્ત તથા જોરાવર રહેશેજ, વળી જેટલું ખરચ પરણવા પાછળ કરેછે તેનો મોટો હિસ્સો ભણવામાં ખરચશે તો તે સખસ કેટલો મોટો પરાક્રમી થઇ આવી સ્ત્રી જેવી જરૂરની વસ્તુ પોતાને પસંદ પડતી ઘણીજ સહેલાઇથી સહજ મેળવી શકશે. ને તેથી કરી તે તથા તેની પ્રજા ઉતરોત્તર સારી સ્થિતિમાં આવતી જઇ આખરે આખી જ્ઞાતિ એવાં ઘણાં કુટુંબોનો જમાવ થવાથી બેશક સારી સ્થિતિમાં આવશે.

હવે જે લોકો છોકરીઓને નાનપણથી પરણાવી દેવાની તજવીજ કરેછે તેમની મતલબ એછે કે પોતાની છોકરીને કુલીન વર સારૂં ઘર વિગરે મળવાથી ન્યાતમાં પોતાનો મરતબો વધારી દઇ લાવો લેવાની ઇચ્છા હોય છે. આવો ગેરવાજબી લાવો લેવાની ઇચ્છા રાખનારઓ તથા ન્યાતમાં સારો વર તથા ઘર જોઇ પોતાની મતલબ સાધનારાઓ ખરેખ પોતાની પ્યારી પુત્રીના કટ્ટા દુશ્મનો છે. કેમકે તેમની મતલબ પાર પડી પેલી ગમે પૈસાથી કે ઉપર કહ્યા પ્રમાણે ન્યાતમાં વગ સગ વધારવાની એટલે
પર પોતાની દીકરીનો નફો નુકસાન નહિ વિચારતાં
મતલબીઓ જે કે પોતાની દીકરીઓને સ

ઉપર આવા છોકરીઓ મોટી ઉમરે થતાં પરણી સાસરે જાયછે ત્યારે તેમના કેવા હાલ થાયછે. તે ઘણા માણસો જાણેછે. તોપણ ટુંકામાં એટલુંજ કે ઘણીઓને પોતાના રંડાપામાં સાથે આવું બનાવ થાયછે. અને બાજા અનેક તરેહના દુઃખ પડવાથી આખરે પોતાના પ્રાણ કુવે કે હવાડે પડી કે ઝેરખાઈ ત્યાગ કરેછે ત્યારેજ તે બાપડી છુટેછે. આહા! જોઈલો બાળ લગ્નથી નિપજતાં દુઃખ! આનો ઘણોજ સંક્ષેપ વર્ણવ્યા છે. પણ જો એ ઉપર વિસ્તારથી લખીએ તો એક મોટો ગ્રંથ થઈ જાય.

દોહરા. (સાખી ઢાળના.)

અહો રે સ્વાર્થીઆ પિતા, દિકરીનું કરો વિચાર
બાળક અજાણી નાણાં, પ્રાણ તણા આધાર ૧
સ્વારથકારજ કરો નહિ, તજ વિચારજ એમ
બળતો નળનુઆ એમનાં, આપિકા અંતર આગ. ૨
ઓઇ કર્મનું ફળ વળી, ભગવશો તમને નહિ,
સહુ સમજીને માનજો, કરીને જરા ઠાંહું. ૩
(સાર) બાળ લગ્ન બાપા તજો, દે વિદ્યાનું દાન;
નાત પ્રજાઓ સુધરો, સાન ધરમ તો જાણ ૪

પ્રકરણ ૧૨ મું.

ઓછી અકલ તથા અભણ માણસના હાથમાં ન્યાતની શેઠાઈ આવ્યાથી પડતું જોખમ ભરેલું

કામ.

ભાઈઓ "જેનો આગેવાન આંધળો તેનું લશ્કર કુવામાં" આ કહેવત કાંઈ ખોટી નથી. ન્યાત જે ઘણા બાહોળા કુટુંબોથી બંધાઈ માણસોનો એક મોટો સમુદાય થયેલો હોયછે તેની સઘળી મોટાઈ, તેનું સઘળું સુખ યા દુઃખ કે બિજનું હરેક તરેહનું ભુંડુ કે ભલું થવું તે સઘળાનો આધાર તે ન્યાત કે સમુદાયના વડા ઉપર રહેલો છે. આવડો ન્યાતમાં પટેલ કે શેઠને નામે ઓળખાય છે. ને તેને તે જોખમ ભરેલો મરતબો ફક્ત ન્યાતમાં તેના ઘણા સગાવહાલાઓના વગ વસીલાથી મનાઈ ગયેલો હોયછે. તેથી તે માણસ ગમે તેટલો દુષ્ટ, ગેર ઈનસાફી અનિતિવાન કે અભણ હોય તોપણ ઘણા દીવસ સુધી એ મરતબો અંધ પરંપરા પેઢી દરપેઢી નિભ્યો જાયછે. કેમજે આવા માણસોને પોતાનો મરતબો જાળવી રાખવાને ન્યાતમાં જે તેના સામા થાય એવા હોયછે તેને હરીતે શાંત રાખવાની રીતી ઘણી સારી આવડતી હોયછે. એટલે ન્યાતમાં કંઈ લાણું ... પોતાને જેની ગરજ હોયછે તેને ઘેર ટાળી કહાડીને સૌથી સરસ ... ખટપટ કે બાતમી હોયછે તે તેવાઓને ઘેર જઈ અગા- ...માંથી કોઈ માણસ, ન્યાતનો કંઈ કા-

પણ કે મારો તોડે તોપણ તેને કોઈ પુછતું નથી. આ અભણ શેઠીઆઓ ન્યાતની અંદરના બિન વસીલાદાર ગરીબોને છુંદી છુંદીને વારંવાર દબાવી દબાવી પૈસા ઓકાવવાનો ધંધો ચાલાવે છે. તોપણ તેને કોઈ પુછતું નથી. જુવો ભાઈઓ આવા એકલ પેટા તથા અનિતિવાન શેઠીઆઓ જે અંધ પરંપરાથી ચાલ્યા આવે છે. તે લોકોને આવા સુધરેલા જમાનામાં એવો જોખમ ભરેલો મરતબો ન્યાત જનોમાના સઘળાના મત પુછ્યા શિવાય આપ ખુદીથી મેળવી લે તેથી આપણા ટોળાને કેટલું બધુ નુકસાન છે. આપણા જ્ઞાતિભાઈઓને કન્યાઓની અછતને લીધે જે અત્યંત દુઃખ સહન કરવું પડે છે તેનું કારણ બીજું કંઈજ નહિ પણ આજથી વીસ પચીસ વરસ ઉપર જ્યારે આવા આપ ખુદી શેઠીઆ ઓનો અતિ ઘણો જુલમ ચાલતો હતો ત્યારે ઘણી સ્ત્રીયોએ પોતાના પ્યારા પ્રાણ તેવા પાપી ઓના તરફનાં દુઃખ સહન નહિ થવાથી તજ્યા છે. તેવી ગરીબ અબળાઓના અંત વખતના અઘોર નિસાશાનાં ફળ તે તેવા પાપીઓને લીધે આપણે હાલ ભોગવવાં પડે છે. અદલ ઈશ્વરે સ્ત્રી પુરૂષોની સંખ્યા પૃથ્વી ઉપર સરખી સરજાવેલી છે. છતાં આપણને ઈશ્વરે તેનો તોટો પાડયો છે એ ખુલું છે. માટે હે ભાઈઓ હવે સમય બદલાઈ ગયો છે. ઘણાના મન જ્ઞાન રૂપી દીપકથી પ્રકાશીત થયાં છે માટે હવે અજ્ઞાનને દુર નસાડી શકશો દરેક ઠેકાણે જ્ઞાતિના શેઠનું ઘણુંજ જુમા ભરેલું કામ સર્વનુ મતથી જ્ઞાતિમા જે વિદ્વાન તથા સુનીતિવાન અને ધનવાન હોય તેવાને સુંપાયતો બેશક તેવા જનોના વિચાર પ્રમાણે સઘળા માણસોને ચાલવાથી આપણી હાલત સુધરવામાં કાંઇ વિલંબ નહિ થાય.

દોહરા.

જ્ઞાતિભા જ્ઞાની થઈ, સંપ ન રાખો કેમ;
શેઠપણું સુંપો તમે, સજ્જનને સપ્રેમ. ૧

તોતો નમ કારજ સરે, અહો નિશ વધે ઉમંગ;
ન પડે તડા ન્યાતમાં, આનંદ વાધે અંગ. ૨

મુરખ જનના હાથમાં, ન્યાત તણી શેઠાઈ;
રહેશે આઝા દીનતો, ભુંડી થશે ભવાઈ. ૩

માટે ચેતી પહેલથી, દિલકશી દરિઆફ;
શેઠાઈ સુપવા ન્યાતની, અદલ કરો ઈન્સાફ. ૪

ફરો ન વગડો કોઈની, વગની કરો વિચાર;
કોને સોંપેશો થશે, જ્ઞાતિ તણો ઉપકાર. ૫

યથા અપાય સભા વિષે, પ્રમૂખ તણું સુભસ્થાન;
ઘણા મતો મળવા થકી, સમજે ચતુર સુજાણ

એજ પ્રમાણે આપણે, ન્યાત ત...
ઘણાં મતો મળવા ...

પ્રકરણ ૧૨ મું.

સ્ત્રીઓને સુવિદ્યા શીખવી સદાચરણી તથા નિતિમાન કરી સુવિદ્યામે લગાડવાની બાબત.

બાઈઓ ! સ્ત્રી તે સંસારમાં દરેક ઘરનો પ્રધાન છે, જેમ સારા પ્રધાન વગર મોટા મોટા રાજ્યોની ખુવારી થઈ જાયછે તેમ સદાચરણી સ્ત્રીઓ વગર ન્યાતમાં ઘણાં ઘણાં કુટુંબોની ખરાબી થઈ જાયછે. મુર્ખ સ્ત્રીઓ વિદ્યાભ્યાસમાં તથા ધંધા રોજગારમાં મદદ નહિ કરતાં ઉલટી હરકત પાડેછે. ઘણી મુર્ખ સ્ત્રીઓથી કેટલાંક કુટુંબોમાં મોટામોટા કુસંપના ઝાડ રોપાઈ ગયાં છે ઇત્યાદિ ઘણાજ અવગુણો અજ્ઞાન સ્ત્રીઓ મુર્ખ રાખવાના અંધ પરંપરાનો રિવાજ ચાલતો આવવાથી હાલ જણાયછે. માટે હાલનો સમો વિચારી સ્ત્રીઓને વિદ્યાભ્યાસ કરાવવાથી ઘણુંજ ઉત્તમ ફળ પ્રાપ્ત થશે તેવા કે માતાઓ જ્ઞાનિ થવાથી તેમના બાળકોને વિદ્યાભ્યાસમાં મદદ મળશે. કુટુંબના પાલણ કર્તા કંઇ દૈવ યોગથી અચાનક નાશ પામશે તો આવી ભણેલી સ્ત્રીઓ સુવિદ્યાથી પોતાના કુટુંબને પડેલા દુઃખમાંથી બચાવવાને એક યોગ્ય સાધન થઈ પડશે. એટલુંજ નહિ પણ એવી ભણેલી તથા સદાચરણી સ્ત્રીઓ દુઃખના વખતે એક સુમિત્રની ગરજ સારી પોતાના કુટુંબને પોતાથી બનતી સઘળી મદદ કરવામાં ચુકશે નહિ.

દોહરા

બાઈ ભણાવો ભાવથી, અબળા કન્યા આજ;
દુઃખમાં કહું એ હેતથી, સુધરે સઘળાં કાજ. ૧
માતાઓ જ્ઞાની થયે, પ્રજા થશે વિદ્વાન;
સુચાલ ચાલી ઘર વિષે, વડીલ પામશે માન. ૨
કુસંપ ને કંકાસનું, જશે સમૂળું મૂળ;
સુચાલ પકડી સ્નેહથી, દિપાવશે નિજકુળ. ૩
ઉપજ ખપનો ચોપડો, ગ્રહી પોતાને હાથ;
ખપ કરશેજ વિચારથી, સુખી કરવા નિજનાથ. ૪
એ આદિ વિશેષ લાભ, ભણવામાં છે ભાઈ;
માટે ભણાવો ભાવથી બાળક કન્યા બાઈ. ૫

પ્રકરણ ૧૩ મું.

સ્ત્રીઓ તથા બાળકોને સુવસ્ત્ર તથા સુ આભુષણ આપી દેખાવમાન નહિ કરવાની અઘટિત બખીલાઈ.

"" બાળકો તે તમારા ઘર રૂપી બાગનો સુશોભિત શણગાર લાગે છે, પછી તમારી પાસે જેમ તેટલી

શાહેબી અગર દોલત હોય તોપણ તે કશા કામનીજ નથી. કેમકે દોલત અગર સાહેબીનો ઉપભોગ ફક્ત તે પેદા કરનાર એકલાથીજ લેવાય શકાતો નથી. તેથી ઈશ્વરે સૃષ્ટના આરંભેજ સ્ત્રી તથા બાળકોની રચના બનાવી છે. એ રચનાથી સઘળા સંસારની ખુબી રહેલી છે એટલુંજ નહિ પણ જો તેઉ સુઘડ તથા વિદ્યાવાન હોય તો મનને અત્યંત આનંદ ઉપજેછે. વળી તેમને સુવસ્ત્ર તથા સુઆભુષણ આપી પ્રસન્ન રાખવાથી આપણને જે આ દુનિયાની જંજાળથી કંટાળી આવ્યા બાદ એ પ્રેમના વાકયો બોલી ખુશી કરેછે. અને આપણું દુઃખ વિસરાવી દેવામાં તથા ઘરના જરૂરીઆત કામમાં મદદ કરે છે. આપણું બધું સુખ દુઃખ તેમના પર આધાર રાખે છે. ટુંકામાં સંસારનું સરવોત્કૃષ્ટ સુખ તે સ્ત્રીઓ તથા બાળકોજ છે તેમ છતાં આપણે એકલપેટા થઈ તેમને સારા આભુષણો કે વસ્ત્રો ન આપીએ તેમજ ખાનાપીનામાં તથા શુભ મોજ શોખમાં પણ તેમને બાજુએ ભાગ લેવા ન દઈએ તો તેથી તેમની તમારા ઉપર કેવી પ્રિતિ થશે? માત્ર ઉપરનીજ, પણ ખરા અંતઃકરણની નહીજ. જો આવી હોયતો પછી તમારી દોલત અને હોંશિયારી શા કામની? માટે હે પ્રિયસ્વજ્ઞાતિજનો તમો તમારી સ્ત્રીઓ તથા બાળકોને તમારી શક્તિ પ્રમાણે સારા આભુષણો તથા વસ્ત્રો આપી તૃપ્ત કરો. કે જેથી કરી તેઉ તમારૂં ઘર દીપાવી તમને પ્રસન્ન કરે. આ બોલવાનો મારી મતલબ એછે કે ઘણાં માણસો વખતને લાયક વસ્ત્રો તથા શરીરને ઇજા ન થાય તેવાં યોગ્ય આભુષણો આપવામાં ઘણીજ કંજુસાઈ રાખેછે. તેથી જ્ઞાતનો મોટો ભાગ કંગાલીયત હાલતમાં બીજાઓની નજરે જોવામાં આવેછે. તેથી ઉચ્ચ દરજ્જેના લોકોમાં આપણી જ્ઞાત વિષે હલકા મત બંધાય છે. એટલુંજ નહિ પણ સ્ત્રી પુરૂષોનાં મન એક બીજાથી વિરક્ત રહી ઘર સંસારમાં એકસંપ થઈ દોલત કે આબરૂ મેળવવામાં જુદાઈ રખાય છે. વળી સુવસ્ત્રો તથા સુઆભુષણો આપવાના રીવાજથી સ્ત્રી તથા બાળકોના મનમાં હમેશા તે મેળવવાને ઘર ખરચમાં કરકસર કરવાની ટેવ નાનપણથીજ પડી જાયછે. ને આ જોઈ તેમના પ્રજામાં પણ ઘણી નાની વયથી એ ગુણ આરોપણ થવાથી ઘણીજ થોડી મુદતમાં આપણી જ્ઞાત દોલત મંદ થઈ જાયછે.

દોહરા.

શુભ ભુષણ શુભ વસ્ત્રને, આપો કરી વિવેક;
તે પેરી પ્રિય બાળકો, દિપાવે ઘરી ટેક. ૧
વળી મેળવવા ભુષણો, અને સુવસ્ત્ર અનેક.
કર કસર કરશે ઘણી, એક એકથી એક. ૨
આથી દોલત આપણી, અહો નિશ વધશે એમ;
અરસ પરસ પ્રિતિ ધરી, ઉદ્યમ કરશે તેમ
માટે પ્યારા જ્ઞાતિઓ, યુક્તિ

દો. ભૂષણ સ્ત્રી બાળને, તજી શોક સંતાપ. ૪

समाप्ती प्रकरण.

હે પ્રિય સ્વજ્ઞાતિ શુભેચ્છકજનો આજે મેં જે ભાષણ તમારાં આગળ કહ્યું તેમાં આપણી જ્ઞાતિની પડતી સ્થિતિ આવવાનાં મુખ્ય મુખ્ય ચાર કારણો સંક્ષેપે વર્ણવી દેખાડ્યાં ને તેમાં દરેક કારણનો ટીકામાં મારી શક્તિ મુજબ યથાર્થ વર્ણન કિધું. વળી તે દરેક કારણની સમાપ્તિની આખરે થોડી થોડી કવિતાઓ કહી સંભળાવી. તે કવિતામાં દરેક વર્ણનનો ટુંક સાર, તે ઉપર શાશા ઉપાયો યોજવા; વિગરે સંક્ષેપે. બતાવ્યુ આ સઘળા ઉપર વિચાર કરતા તમને સહેજ જણાશે કે આપણી જ્ઞાતિને સારા પાયા ઉપર લાવવાને મુખ્ય સાધન વખતને અનુસરી સુવિદ્યા તથા સુહુંનર શીખવાની હાલના જ્ઞાતિ જનોમાં પુરતી હોંસ નથી તે ઉપર તમારૂં લક્ષ ખેંચવા હું વધારે ભલામણ કરૂંછુ. કેમકે સઘળા સુખ તથા સુધારાનુ મૂળ તે સુ વિદ્યા તથા સદાચરણ છે. એટલુંજ નહિ પણ જ્ઞાતિ જનોના ભલા ભુડાનો સઘળો આધાર જ્ઞાતિના અંદર આગેવાની ધરાવનાર જે ન્યાતના શેઠીઆ તે નવે સરથી ઘણાના અનુમત પ્રમાણે સદાચરણી તથા વિદ્વાન જોઈ નિમવાની ભલામણ કરૂંછું. તે પણ પ્રસંગ મળે તમો ગૃહસ્થો વિચારમાં લેશો. બીજુ તમો નામદાર ગૃહસ્થો આપણી જ્ઞાતિને દીપાવનાર જે સ્ત્રી ધન તથા બાળકો તેમને રૂડી કેળવણી આપી નીતિમાન તથા સદાચરણી કરી ઉત્તમ વસ્ત્રાભુષણોથી શણગારી સઘળી જ્ઞાતિને ખરા ગૃહસ્થોની ઊંચી પંકિતમાં આણવાને તમારાથી બનશે તેટલી મેહનત તન મનને ધનથી લેશો.કે જેથી કરી સ્ત્રી પુરૂષોમાં પરસ્પર સ્નેહ વધી એક બીજાના કામમાં મદદ કરવાને દીલો જાનથી મચ્યા રહે. વળી ન્યાત મેળાવડામાં વિદ્વાનોને નોતરશો અને ખોટા મિથ્યા કુળાભીમાનીઓને કન્યા આપવાનો અસલનો ચાલ પડતો મુકી જે હાલમાં સુવિદ્યા તથા સુહુનર શીખેલા ઊંચી પંકિતમા આવેલા નવીન ગૃહસ્થોને ખરા કુળવાન સમજી તેવાઓને યથા યોગ્યમાન આપવામાં ચૂકશો નહિ. તમો ટોળીમાથી ટોળીઓ પાડવાનો કુસંપ તજી સઘળા સુસંપીલા થઇ જાવને જેઉને ઇશ્વરે મોટા દરજ્જા તથા ઊંચી પદ્વિઓ આપેલી હોય તેઉએ પોતાના જ્ઞાતિલાઓને ઊંચે દરજ્જે ચઢાવવાની કાળજી રાખી તેમ કરશો કે જેથી કરી આપણી જ્ઞાતિનું ક્ષુદ્રપણું જઇ સદ્‌ગૃહસ્થ પણું આવે આ આદી ઘણી વાતો જણાવતાં તમારો અમુલ્ય વખત રોકાયછે. પણ છેલ્લે જણાવવાને રજા લેઊંછું કે તમો નામદારો આપણી જ્ઞાતિને સારા પાયા પર લાવનાર જે આ સભારૂપી સાધન ઇશ્વરે અર્પણ કીધું છે.તેનો અનાદર નહિ કરતાં સાધનનો સારો લાભ ઘણાં માણસો લઇ શકે તેવા ઉપાયો કામે લગાડો. જો ...ને કૂડીયા બીજું એવું સાધન ઇશ્વર તમને કદી મેળવનાર નથી ... ...નો વિષય મારા કરતાં કોઇ વધતા અનુભવી જ્ઞાતિ ... હું જાણુંછું કે બેશક તે ઘણોજ લાભ.

કારક થઈ પડશે. તથાપિ તેમાંનો કોઈ નાનો ભાગ પકડી હરેક સભાસદ વિસ્તારથી લખશે તો એવી રીતે જુદાજુદા વિષયો જુદાજુદા સભાસદોના હાથે લખાવાથી કાંઈ ખામી રહેશે નહિ ને તેથી કરી આ પરોપકારી શુભેચ્છક સભાનો મનોરથ પણ ખરેખર પાર પડશે. તથાસ્તુ.

સ્વજ્ઞાતિ જનોને છેવટની વિનતી.

નાથ કૈસે ગજકો બંધ છોડાયો. એ રાગ.

તજીને કુધારો સુધારો વધારો,
સજ્જન સહુ માનોને બોધ અમારો; ટેક.
આપણા બાપદાદા જેહ કરતા,
તેહ વખત હતો ન્યારો;
ત્યારની ત્યારીખ ભાઈઓ તમે સઉ,
અંતરથી આજે ઉતારો. સજ્જન સઉ. ૧
વળી જઈ પુછો વૈદને આજે,
તો કહેશે દુઃખ હજારો;
પણ હમણાં પ્રભુ પ્રસન્નતાથી;
વાઘ અજા એક આરો. સજ્જન સઉ. ૨
એ દુઃખથી છુટાય જ્યારે,
લાગ આવ્યો આવો સારો;
ત્યારે તમે શા માટે રે ભાઈઓ,
કરોનહિ આપ સુધારો. સજ્જન સઉ. ૩
જુઓને બીજા કેવા મથવા છે,
કરવા જાતિ સુધારો,
સઘળું સુખ સમજી છે એમાં,
તજી દો વેમ નઠારો. સજ્જન સઉ. ૪
માણસનો મુખ્ય ધર્મ કયો છે,
કયો ધારો કુધારો;
આ ભવમાં તરવાનો મારગ,
છે ભણવામાં વિચારો. સજ્જન સઉ. ૫
બીજા દેશના સુધરેલા માણસ,
ભોગવે છુટ હજારો;
એ તણું કારણ જાણીને સર્વે.
ન વિદ્યાભ્યાસ વિસ

ગુજરાત બ્રાહ્મણ ઔદિચ્ય ઉપકારક સભામાં તા. ૧લી મે સને ૧૮૭૭ સુધીમાં જ્ઞાતિના જુદા જુદા ગામ વાર મેંમબરો દાખલ થઈ ચુક્યા છે તેનું લીષ્ટ નિચે લખ્યા પ્રમાણે.

અમદાવાદ.

બ્રા. દેવશંકર દયાશંકર
બ્રા. નરોત્તમ નિત્યાનંદ
બ્રા. કુરણાશંકર હરીશંકર
બ્રા. માહાશંકર ઇશ્વરભાઇ
પંડ્યા. ભગવાન મયારામ
બ્રા. ગીરજાશંકર ભાઇશંકર
બ્રા. પેલાશંકર નરોત્તમ
બ્રા. મુરજી ગણપતરામ
બ્રા. જેઠ્યેશંકર પ્રાણજીવન
પં. લક્ષ્મીરામ ગણેશજી
બ્રા. વિઠલ વિશ્વંભર
બ્રા. ગીરજાશંકર ભોળાનાથ
બ્રા. નાથાલાલ બાપુજી
બ્રા. મગનલાલ હરજીવન
રામનારાયણ મોતીરામ
લાલ ત્રંબકરામ
રૂપાશંકર જેઠાભાઇ
શુ૦ મ. ,રામ કાળીદાસ
જ૦ લલુભાઇ મોતીરામ
શુ૦ ગણપતરામ નરસીરામ
શુ૦ નાથાભાઇ હરજીવન
પં૦ લક્ષ્મીશંકર પરસોત્તમ
બ્રા૦ બાળાશંકર પરસોત્તમ
પં૦ ગંગાશંકર નાગેશ્વર
બ્રા૦ રામશંકર હરજીવન
બ્રા૦ શીવશંકર દામોદર
ગણારામ ગણપતરામ
... દામોદર

પુ. નરસીરામ દુલભરામ
બ્રા. માનેકલાલ કાળીદાસ
બ્રા. અંબાશંકર નથુરામ
શુ. મનસુખરામ જેઠ્યેશંકર
પુ. કુબેરજી નરસીરામ
પુ. મગનલાલ માહાશંકર
પં. ગીરજાશંકર સંતોકરામ
બ્રા. હરગોવિંદ આદીતરામ
બ્રા. બળદેવ વજેરામ
બ્રા. માણેકલાલ મહેશ્વર
બ્રા. નાનાલાલ મનસુખરામ
બ્રા. કુરપાશંકર કાળીદાસ
જ. મોતીરામ લલુ

ખંભાત.

માતર

બ્રા૦ શીવશંકર મહેશ્વરભાઇ
શુ૦ સદાશીવ રામનાથ
બ્રા૦ સુરજરામ રામનાથ
બ્રા૦ ભોળાનાથ મહેશ્વરભાઇ
બ્રા૦ વલભરામ રણછોડ
બ્રા૦ નાથાભાઇ દામોદર
જ૦ મૂલશંકર તાપીશંકર
શુ૦ નરસીરામ કાળીદાસ
બ્રા૦ કીરપાશંકર ગંગાશંકર
બ્રા૦ પ્રભાશંકર દાજીભાઇ
બ્રા૦ ભાઇશંકર રણછોડ

ડભાણ.

બ્રા૦ લક્ષ્મીશંકર દેવશંકર

દાઓલ.

ખેડા.

પં૦ છોટાલાલ વજેરામ
,, રણછોડ ગોપીરામ

[illegible]